## મહેસાણા રીક્ષા એસોશિએશન દ્વારા

# ટ્રાફિક પોલીસની હેરાનગતિ સામ રીક્ષાચાલકોની હડતાલ

મહેસાણામાં રીક્ષા એસોશિએશન દ્વારા આજે હડતાલ પાડવામાં આવતા મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મહેસાણા રીક્ષા એસોશિએશન દ્વારા ટ્રાફિક પોલીસ પરેશાન કરતી હોવાના આક્ષેપો સાથે રીક્ષાચાલકો હડતાલ પર ઉતરી ગયા છે. બીજી તરફ પોલીસે આ સમગ્ર મામલે અંગત કારણને હડતાલમાં ખપાવામાં આવ્યાનું જણાવ્યું છે.

મહેસાણા ટ્રાફિક પોલીસની કનડગતના આક્ષેપો સાથે મહેસાણાનું રીક્ષા એસોશિએશન આજે હડતાલ પર ઉતરી ગયું છે. રીક્ષાચાલકો આક્ષેપ કરી રહ્યા છે કે, ટ્રાફિક પોલીસ રીક્ષા સ્ટેન્ડ પર પડેલી રીક્ષાના ખોટા મેમાં ફાડે છે. ઉપરાંત મહેશ ચૌધરી નામના ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા કોન્સટેબલની પણ બદલીની માંગ કરવામાં આવી હતી. તો બીજી તરફ મહેસાણામાં રીક્ષાચાલકોની હડતાલને પગલે મુસાફરોને પણ



હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમ ઈમરાનભાઈ ભોગ બનનાર રિક્ષાચાલકએ જણાવ્યું હતું. એક તરફ રીક્ષાચાલક એસોશિએશન ટ્રાફિક પોલીસ ખોટી રીતે પરેશાન કરતા હોવાના આક્ષેપો કરી રહ્યું છે. તો બીજી તરફ ટ્રાફિક પોલીસ શાખાના પી.એસ.આઈ.નો સંપર્ક કરતા રીક્ષાચાલકોની હડતાલ પાછળ બીજું જ કારણ દર્શાવ્યું હતું અને રીક્ષા એસોશિએશનના પ્રમુખ પર સીધો આક્ષેપ કર્યો હતો કે, પ્રમુખના પુત્રને મોટરસાઈકલ પર ત્રણ સવારીમાં પકડતા અને તેની પાસે કોઈ કાગળો પણ નહિ હોવાથી મેમો ફાડતા અંગત મામલાને હડતાલનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. તે તદ્દન ગેરવ્યાજબી છે. જેનાથી મુસાફરોને હાલાકી ભોગવવી પડી રહી છે. સી વી નાયક ટ્રાફિક પી.એસ.આઈ.એ જણાવ્યું હતું. એક તરફ રીક્ષાચાલક એસોસીએશનનો ટ્રાફિક પોલીસ પર આક્ષેપ તો બીજી તરફ ટ્રાફિક પોલીસનો રીક્ષાચાલક એસોસીએશનના પ્રમુખ પર ખોટી રીતે હડતાલ કર્યાનો આક્ષેપ. જો કે, આ આક્ષેપો વચ્ચે પરેશાન થઈ રહ્યા છે તો મુસાફરો અને શાળાના બાળકો ત્યારે જોકે આ સમગ્ર મામલે સાચું કોણ અને ખોટું કોણ તે તો તપાસ બાદ જ બહાર આવશે.

# મોડાસા માર્કેટયાર્ડે સરક્યુલર બહાર પાડી ખેડૂતોને હરાજીમાં પડેલ ભાવ પુરેપુરા આપવા તાકીદ

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસામાં આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ મોડાસામાં જિલ્લાના ખેડૂતો તેમનો મહામહેનતે અને મોંઘાદાટ બિયારણો અને જંતુનાશક દવાઓનો જંગમ ખર્ચ અને કાળી મજૂરી કરી પકવેલ મહામુલા પાકના પૂરતા પ્રમાણમાં ભાવ મળતા નથી. બીજીબાજુ ખેડૂતો સાથે પાકના હરાજી મળેલ ભાવમાં પણ કેટલાક વેપારીઓ દ્વારા ગોલમાલ કરી ખેડૂતોને છેતરવામાં આવતા હોવાનો અહેવાલ ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ પ્રસિદ્ધ થતા મોડાસા માર્કેટયાર્ડના સત્તાધીશો સફાળા જાગી માર્કેટયાર્ડમાં સરક્યુલર બહાર પાડી ખેડૂતોને હરાજીમાં પડેલ ભાવ પુરેપુરા આપવા તાકીદ કરી હતી. અને જો વેપારી દ્વારા ખેડૂત સાથે છેતરપિંડી કરવાનું ધ્યાને આવશે તો તાત્કાલિક અસરથી લાયસન્સ રદ કરવામાં આવશેનું લેખિતમાં વેપારીઓને જણાવ્યું હતું.

મોડાસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા મોડાસા માર્કેટયાર્ડમાં નિયંત્રિત ચીજોના વેપાર કરતા વેપારી પેઢી સંસ્થા શખ્સોને લેખિત સરક્યુલર બહાર પાડી જણાવ્યું હતું કે હરાજીના લીધેલ માલમાં કોઈ પણ જાતની કપાત કે ભાવ ફેર કરવો તે લાયસન્સની શરતોનો સરેઆમ ભંગ સમાન છે. કેટલાક વેપારીઓ ચેક પેમેન્ટ/કેશ પેમેન્ટ આપવાના નામે હરાજીમાં પડેલ ભાવથી અમુક રૂપિયા કાપી લેતા હોવાનું ધ્યાને આવતા માર્કેટયાર્ડની શાખને હાનિ પહોંચતા હવેથી કોઈ પણ વેપારીએ હરાજીમાં પડેલ ભાવ આપવામાં ગેરરીતિ આચરવામાં આવી હોવાની ફરિયાદ મળશે તો માર્કેટયાર્ડના ઈન્સ્પેક્ટર દ્વારા “ ઓન ધી સ્પોર્ટ” લાયસન્સ રદ કરવામાં આવશે તેમ લેખિત સરક્યુલરમાં જણાવ્યું હતું માર્કેટયાર્ડના વેપારી આલમમાં ચલાવાતી છેતરપિંડી પર અંકુશ આવશે કે નહિ તે અંગે પણ ખેડૂતોમાં આશંકા હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર સમાચારના પ્રતિનિધિ દ્વારા ખેડૂતો સાથે કેટલાક વેપારીઓ દ્વારા કરવામાં આવતી છેતરપિંડીના અહેવાલના પગલે સત્તાધીશોએ કડક પગલાં ભરવાનું જણાવતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.

# કાણોદરમાં અજાણ્યા શખ્સોએ બાઈકને આગ ચાંપતા ચકચાર

પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં ગત વહેલી સવારે અજાણ્યા શખ્સો એક બાઈકને આગ ચાંપી ફરાર થઈ ગયા હતા. જે ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં મકાન આગળ પાર્ક કરેલા બાઈકોમાંથી પેટ્રોલની ચોરી થતી હોવાની બુમરાણ મચી છે. ત્યારે ગત વહેલી સવારે પેટ્રોલ ચોરી કરવા માટે આવેલા શખ્સો એક મકાન આગળ પાર્ક કરેલા બાઈકને આગ



ચાંપી હતી. જોકે, મકાન માલિક જાગી જતાં આ શખ્સો ફરાર થઈ ગયા હતા. તેમણે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં બાઈક બળીને ખાખ થઈ ગયું હતુ. આ ઘટનાને પગલે ગામમાં ચકચાર મચી જવા પામી હતી.



## થરાદમાં આજે ફરી કેનાલ પરના પાણીના કનેક્શન કપાયા

થરાદ વાવ પંથકના ખેડૂતો છેલ્લા કેટલાય સમયથી નર્મદાના પાણી પર પોતાનું ગુજરાન ચલાવતા હતા અને પશુપાલન પણ રાખતા હતા ત્યારે હમણાં થોડા સમયથી નર્મદા વિભાગ દ્વારા વાવ-થરાદના કેટલાય ગામોના ખેડૂતોની પાઈપ લાઈનના કનેક્શન કાપતા હોવાથી સરકાર પ્રત્યે ખેડૂતોનો રોષ જોવા મળી રહ્યો છે. તો આજે થરાદ તાલુકાના ગંભીરપુરા અને ઉચપામાં માઈનોર કેનાલના કનેક્શન કપાતા ખેડૂતોના પાણી કનેક્શન કપાતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. એસઆરપી અને પોલીસનો કાફલો લઈ નર્મદા વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

# થરાદના વામી પાસે નર્મદા નહેરમાં ડુબી જતા નણંદ-ભાભીના મોત

## રવિવારની સાંજની કરૂણ ઘટના : નહેરમાંથી બંન્નેના મૃતદેહો બહાર કઢાયા

થરાદ, તા. ૧૨

થરાદ તાલુકાના ઝેંટા ગામના ઠાકોર પરિવારે તાલુકાના વામી ગામમાં ભાગથી પિયત કરેલ હતું. રવિવારની સાંજના સુમારે પરિવારની મીરાબેન અને તેની ભાભી શોભનાબેન નામની નણંદ ભાભી ખેતરમાં રાયડાના પાકની કાપણી કર્યા બાદ સાંજના સુમારે ખેતર પાસેથી પસાર થતી નર્મદા નહેરમાં રાબેતા મુજબ કપડાં ધોવા માટે ગઈ હતી. દરમ્યાન અંદાજીત ૧૯ વર્ષની મીરાબેનનો પગ લપસવાના કારણે નહેરમાં લપસી પડી હતી. આથી તે ડુબી રહી હોઈ તેને બચાવવા માટે તેણીની ભાભી શોભનાબેને પણ ઝંપલાવ્યું હતું.

જોકે તેણીને પણ તરતાં નહી આવડતું હોવાના કારણે બંન્નેનાં નહેરના વહેતા પાણીમાં ડુબી જવાથી કરૂણ મોત નિપજ્યું હતું. નહેરમાં બે મહિલાઓ ડુબી હોવાની જાણ થતાં આજુબાજુના ખેડૂતો બહોળી સંખ્યામાં દોડી આવ્યા હતા. જેમણે પરિવારને જાણ કરતાં બંન્ને મહિલાઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા



હતા. આ બનાવના પગલે મહિલાઓના સગાંસંબંધીઓને જાણ કરાતાં મોડી સાંજે તેઓ પણ દોડી આવ્યાં હતા. આ બનાવ અંગે થરાદ પોલીસ મથકમાં કોઈ નોંધ થવા પામી ન હોવાનું પોલીસ સુત્રોએ જણાવ્યું હતું. બનાવને લઈને સરહદી પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચવા પામી હતી. આમ ગામમાં ભાગથી પિયત કરીને રહેતા પરિવારની દિકરી મીરાબેન પ્રતાપભાઈ ઠાકોર ૧૯ વર્ષ પાણીમાં લપસતાં તેને બચાવવા જતાં ભાભી શોભનાબેન લાલુભાઈ પણ નહેરમાં ડુબીને મૃત્યુ પામતાં સરહદી પંથકમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચવા પામી હતી.

# મહેસાણા કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડારમાં દુર્લભ ગ્રંથોની સાચવણી

મહેસાણા, તા. ૧૨

મહેસાણા ખાતે રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડારની કચેરીમાં રાજ્યમાં આવેલ સરકારી તેમજ અનુદાન લેતા સાર્વજનિક ગ્રંથાલયમાંથી મુલ્યવાન, દુર્લભ અને જુજ ઉપયોગી પુસ્તકો, હસ્તપ્રતોને વૈજ્ઞાનિક પ્રધ્ધતિથી ફ્યુમીગેશનની પ્રક્રિયા કરી સાચવામાં આવે છે.

જિલ્લામાં વિવિધ વર્ગના વાચકો જેવા કે સ્કોલરો, સંશોધકો, પી.એચ.ડી કરનાર વર્ગ સહિતને માહિતી પૂરી પાડવામાં આવે છે. આ સંસ્થામાં ૧૮ હજારથી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. આ પુસ્તકો લાંબા સમય સુધી સચવાઈ રહે તેમજ ભાવી પેઢીને ઉપયોગી થાય તે માટે સરકારશ્રી દ્વારા પુસ્તકોનું ડીઝીટલાઈઝેશન પણ કરવામાં આવેલ છે. જિલ્લામાં આવા દુર્લભ ગ્રંથોનું પ્રદર્શન તથા સેમીનારનું આયોજન પણ કરવામાં આવે છે. જિલ્લામાં જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં ૬૦૦થી વધુ અભ્યાસુ અને સંશોધકોએ આ સંસ્થાનો લાભ મેળવેલ છે. કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર દ્વારા રાજ્યમાં આવા ઐતિહાસિક વારસાનું એકત્રીકરણ, સાચવણી અને ઉપયોગકર્તાને માહિતી પુરી પાડવાનું અનોખુ કાર્ય કરી રહી છે.

# થરાદ સરકારી કોલેજના પ્રશ્નો અંગે વિદ્યાર્થી પરિષદની રજુઆત

થરાદ, તા. ૧૨

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ થરાદ ખાતે



ગત તા ૭-૨-૨૦૧૮ના રોજ પ્રસન્નશોધ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ પ્રશ્ન સ્વરૂપે મેળવવામાં આવી હતી. તેમાં મુખ્યત્વે વિદ્યાર્થીનીઓને કોલેજની બહાર અસામાજિક તત્વો દ્વારા હેરાન પરેશાન કરવાનું કોલેજમાં જાતિવાદ ચાલતો હોવાનું તેમજ જો કોઈ પ્રશ્નને લઈને આચાર્યને રજુઆત કરવા જાય તો આ લોકો વિદ્યાર્થીને પરીક્ષામાં નાપાસ કરતા હોવાના આક્ષેપો સાથે વિવિધ પ્રશ્નો સામે આવ્યા હતા.

આ પ્રશ્નોને લઈ સોમવારે સવારે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિસદ દ્વારા સોમવારના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલને આવેદનપત્ર(લેખિત રજુઆત) આપવા આવેલ હતા. ત્યારે ત્યાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલે તેમને સીધો જવાબ આપવાના બદલે હું પ્રિન્સીપાલ નથી, હુ તો ચાર્જમાં છું અને મને કંઈ કોઈ વધારાનો પગાર પણ મળતો નથી અને તમે આવું લખાણ લખ્યું છે એટલે હું તમારા પર ફરિયાદ કરી દઈશ જેવી ધમકીઓ મળતાં વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા.

# બનાસકાંઠા જિલ્લા ગુરૂ બ્રાહ્મણ સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૧૨

પાલનપુર ખાતે ગુરુ બ્રાહ્મણ સમાજનો આઠમો સમૂહલગ્નોત્સવ ઉમંગભેર યોજાયેલ હતો. આ રૂડા અવસરમાં સાંસદ વિનોદભાઈ ચાવડા અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પરમાર તથા ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેમરેન ગૌતમભાઈ ગેડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહલગ્નમાં ૨૩ જેટલાં નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

વક્તાઓએ નવદંપતીઓને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે આપણે ઉદાર અને આદર્શ જીવન જીવીએ. ચેરમેન ગૌતમભાઈએ અધ્યક્ષસ્થાનેથી ચાવીરૂપ પ્રવચન આપતાં સમાજને વધુને વધુ સંગઠિત બનાવી પ્રતિભાશાળી યુવાનોને આગળ વધારવા સહાયક ભૂમિકામાં રહેવા અનુરોધ કર્યો હતો. મંત્રી ઈશ્વરભાઈ પરમાર અને સાંસદ વિનોદ ચાવડા દ્વારા વિવિધ શ્રેષ્ઠિઓ-દાતાઓ અને નવદંપતિઓને પ્રતીકરૂપે સન્માનિત કરાયા હતા.

સમગ્ર સમારોહમાં તાલુકા પંચાયતના પ્રમુખ મુકેશભાઈ શ્રીમાળી બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષ જોશી, નાયબ નિયામક એન.જે. શ્રીમાળી, સહાયક નિયામક ભાનુભાઈ દવે, ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના મહામંત્રી જયંતિભાઈ શ્રીમાળી, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મુકેશભાઈ ત્રિવેદી, નટવરલાલ પંડ્યા, ડૉ. ગિરીશભાઈ પંડ્યા, મનોજભાઈ શ્રીમાળી, દાનવીર ડાહ્યાભાઈ ગામી, ગીરીશભાઈ જગાણીયા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ અરવિંદભાઈ ચોરસીયાએ સમારોહનું સંચાલન કર્યુ, જયારે આભારવિધિ હરિભાઈ ડી. શ્રીમાળીએ કરી હતી. આ પ્રસંગે ખજાનચી શ્રીગોડ, સંગઠનમંત્રી ભરતભાઈ જોષી અમદાવાદ ઘટક પ્રમુખ સી.એન. જોષી, સતીષભાઈ, શ્રીમતિ કાન્તાબેન પંડ્યા, શંખેશ્વર ગાદીના મહંત વચનદાસ શુકલગુરૂ, ભોજનદાતા બહેનો અંજનાબેન, દિવ્યાબેન, ધર્મિષ્ઠાબેન, રેખાબેન અને મધુબેન શ્રી ગુરૂ ચેનલના નિર્માતા ગૌતમ બી. ચોરસીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજ પાલનપુર સંસ્થા પરિવાર, નવદંપતિઓના પરિવારજનો ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા જિલ્લા સેવાસદન નજીક ટ્રકે ઓવરટેકમાં એક્ટીવાને અડફેટે લીધું

મોડાસા જીલ્લા સેવા સદન નજીક રવિવારે સાંજના સુમારે શામળાજી તરફથી એક્ટિવા પર આવતા પિતા પુત્રને પાછળથી પુરઝડપે ગફલતભરી રીતે હંકારી ઓવરટેક કરવાની ઉતાવળમાં ટ્રકે પાછળથી ટક્કર મારતા ટ્રકની ટક્કરે પિતા-પુત્ર રોડ સાઈડમાં પટકાતા સદનસીબે બંનેને સામાન્ય ઈજાઓ પહોંચવાની સાથે આબાદ બચાવ થયો હતો.

એક્ટિવા પર ટ્રકના ટાયર ફળી વળતા એક્ટિવાનો કડૂચલો થઈ ગયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ એક્ટિવાની હાલત જોતા અને પિતા-પુત્રનો અકસ્માતમાં આબાદ બચાવ થતા મોઢામાંથી રામ રાખે તેને કોણ ચાખેના શબ્દો સરી પડ્યા હતા. અકસ્માત સર્જી ટ્રકચાલક ફરાર થઈ ગયો હતો.



## ધનસુરાના રમોસ ગામ પાસે ઈકો કારની અડફેટે એક વ્યક્તિનુ મોત

કિશોરપુરા ગામના પિયુષભાઈ પટેલ અને તેમના પિતા પરશોત્તમભાઈ પટેલ (ઉમર. ૬૩ વર્ષ) જેઓ ખેડૂત છે તેઓ ખેતરમાં કામ માટે ગયા હતા. ત્યારે પરશોત્તમભાઈ પટેલ ખેતર નજીક ઉભા હતા ત્યારે રમોસ ગામ તરફથી આવતી ઈકો કારે તેમણે ટક્કર મારતા તેઓને ઈજાઓ થઈ હતી. ઈજાઓ થતા તેમને સારવાર માટે રણાસણ ખાતે લઈ ગયા હતા. ત્યાથી વધુ સારવાર માટે મોડાસા લઈ જતા તેમનુ અવસાન થયુ હતુ. ધનસુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ડીસામાં સિનીયર પત્રકારના પુત્ર પર હિચકારો હુમલો

ડીસા, તા. ૧૨

ડીસા તાલુકાના મોટામા મોટા શિક્ષિત ગામ ગણાતા જુનાડીસા ગામે બહાર ગામથી આવીને વસેલા કેટલા માથાભારે ઈસમોએ લુખ્ખાગીરી ક્ષેત્રે માથુ ઉંચકતા કોમી એકતાની મીશાલ ગણાતાં જુનાડીસા ગામની શાંતી ચાહક પ્રજામાં ભય અને ચિંતાનો વિષય બનવા પામ્યો છે.

તાજેતરમાં જુનાડીસા ગામે રહેતાં જિલ્લાના સીનીયર પીઢ પત્રકાર અને બી.કે. જર્નાલીસ્ટ યુનીયનના પ્રમુખ એમ. ચાવડાના નાનાપુત્ર વશીમ ચાવડા ઉપર તાજેતરમાં પૈસાની લેવડ દેવડ બાબતે જુના ડીસા ગામના નવાપુરા વિસ્તારમાં બહાર ગામથી આવીને વશેલા યુસુફ મુસ્લા-યાસીન મુસ્લા અને તેના ઘરના બૈરાઓ અને અન્ય લોકોએ ચાવડાના પુત્રને ઘેરી લઈ તેને જાનથી મારી નાખવાના ઈરાદે તેના ઉપર છરીના ઘા ઝીંકી જીવલેણ હુમલો કરી ગંભીર રીતે લોહી લુહાણ કરી નાંખેલ. અચાનક હુમલાનો ભોગ બનનાર વસીમ ચાવડાને બુમાબુમ કરતા આજુબાજુના કેટલાક લોકો વચ્ચે પડી માંડ માંડ હુમલાખોરોના પંજામાંથી છોડાવી તાબડતોબ ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ. પણ સરકારી હોસ્પિટલ ડીસાના ફરજ પરના ડોક્ટરે લોહીમાં લથપથ વસીમ ચાવડાની ગંભીર હાલત જોઈ તેને સરકારી એમ્બ્યુલન્સમાં પાલનપુર રીફર કરેલ. પાલનપુર સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી ફરજ પરના ડોક્ટરોએ દાખલ કરી તાબડતોડ સારવાર હાથ ધરેલ. પરંતુ તેઓએ પણ પીડીત દર્દીની હાલત જોઈ વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવાનું જણાવતાં આખરે તેને સરકારી એમ્બ્યુલન્સમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી. જે હાલમાં સારવાર હેઠળ છે. અને સદનસીબે તેનો જાન બચી જવા પામ્યો હતો. આમ નજીવી બાબતમાં જાનથી મારી નાખવાના ઈરાદે છરીથી જીવલેણ હુમલો કરનારા આવા લુખ્ખા તત્વોની દાદાગીરી અને લુખ્ખાગીરી તેમજ ગુંડાગીરીથી ભયની લાગણી પ્રસરવા પામી હતી. આ અંગે કહેવાય છે કે જુનાડીસા ગામે છેલ્લા કેટલાક સમયથી દારૂ અને જુગાર જેવી બદીઓએ માજા મુકી છે. ઠેરઠેર દારૂ જુગારના અડ્ડાઓ ધમધમી રહ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧



## નવજીવન વિદ્યાલય અમલાઈ શિક્ષકનું કલેક્ટરના હસ્તે સન્માન

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના અમલાઈ ગામે આવેલ શ્રી નવજીવન વિદ્યાલયના મદનિશ શિક્ષક અને ગાંધીનગર સમાચારના ‘‘લાગણીનો મેળો’’નામની કોલમના લેખક રસિકભાઈ આર. વાળંદનું પ્રજાસત્તાક દિને જીલ્લા કક્ષાના સમારોહમાં જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ, જીલ્લા વિકાસ અધિકારી સ્તુતિ ચારણના હસ્તે જીલ્લા પોલીસ વડા કે.એન. ડામોરની ઉપસ્થિતિમાં પ્રશસ્તિપત્ર આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. રસિકભાઈ વાળંદ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં ગુજરાતી વિષયના લેખન સંપાદન, સમીક્ષક તેમજ બાયસેગ પણ સેવા પ્રદાન કરી રહ્યા છે. ગુજરાતી વિષય તજજ્ઞ તરીકે ઉત્કૃષ્ટ શૈક્ષણિક સેવાઓ સતત વર્ષથી આપી રહ્યા છે તેમની સર્વોત્તમ શૈક્ષણિક કારકિર્દી અને પ્રદાન માટે પથદર્શક બનવા બદલ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.